# અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ,૧૯૬૦.

## અ નુ ક્ર મ ણિ કા.

### પ્રકરણ-૧

### પ્રારંભિક.


કલમો.

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.
૨. વ્યાખ્યા.
૩. અધિનિયમ કેટલીક સંસ્થાઓને લાગુ પડશે નહિ.
૪. માન્ય ગૃહોને લાગુ પડતાં ખતો ઉપર અધિનિયમની અસર.


### પ્રકરણ-૨

### નિયંત્રણ બોર્ડ અને તેની સત્તા અને કાર્યો.


૫. નિયંત્રણ બોર્ડ, તેની રચના વગેરે.
૬. હોદ્દાની મુદત અને પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ.
૭. બોર્ડના કાર્યો.
૮. માન્ય ગૃહના મેનેજરને આદેશો આપવાની બોર્ડની સત્તા.
૯. તપાસણીની સત્તા.
૧૦. બોર્ડનું ભંડોળ.
૧૧. બોર્ડનો સ્ટાફ.
૧૨. સત્તાની સોંપણી.


### પ્રકરણ-૩

### ગૃહોની માન્યતા.


૧૩. પ્રમાણપત્ર વિના ગૃહો નહિ ચલાવવા બાબત.
૧૪. પ્રમાણપત્ર માટે અરજી.
૧૫. પ્રમાણપત્ર આપવાની હા કે ના.
૧૬. પ્રમાણપત્રની વિગતો.
૧૭. પ્રમાણપત્ર રદ કરવા બાબત.
૧૮. અપીલો.
૧૯. પ્રમાણપત્રની સોંપણી અને તેની અસર.

## પ્રકરણ-૪

## માન્ય ગૃહોનું સંચાલન

કલમો.


૨૦. સંચાલન સમિતિ.
૨૧. મેનેજરની ફરજ.
૨૨. ગૃહના નિવાસીઓને રજા આપવા બાબત.
૨૩. નિવાસીઓના મરણ સંબંધી રિપોર્ટ કરવા બાબત.


## પ્રકરણ-૫

## પ્રકીર્ણ


૨૪. શિક્ષા.
૨૫. ફરિયાદ માટે મંજૂરી.
૨૬. અધિનિયમ હેઠળ કાર્યો બજાવનાર વ્યક્તિઓ રાજય સેવકો ગણાશે.
૨૭. શુદ્ધબુદ્ધિથી કરાયેલાં કાર્યોને રક્ષણ.
૨૮. ગૃહોને માફી આપવાની રાજય સરકારની સત્તા.
૨૯. નિયમો કરવાની રાજય સરકારની સત્તા.
૩૦. વિનિયમો કરવાની બોર્ડની સત્તા.
૩૧. રદ કરવા બાબત અને અપવાદ.

# અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ ( દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ,૧૯૬૦

(સન ૧૯૬૦ નો ક્રમાંકઃ ૧૦)

[૯ મી એપ્રિલ, ૧૯૬૦]

અનાથાશ્રમો, ઉપેક્ષિત સ્ત્રીઓ અથવા બાળકો માટેના ગૃહો અને તેવી બીજી સંસ્થાઓનાં દેખરેખ અને નિયંત્રણ માટે અને તેને લગતી બાબતો માટે જોગવાઇ કરવા બાબતનો અધિનિયમ.

સંસદે, ભારતના ગણરાજયના અગિયારમા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમ કર્યો છે :-

## પ્રકરણ ૧

## પ્રારંભિક.

સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. :૧: આ અધિનિયમ અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહ (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૬૦ કહેવાશે.

:૨: તે જમ્મુ અને કાશ્મીર રાજય સિવાય સમગ્ર ભારતને લાગુ પડે છે.

:૩: તે રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નકકી કરે તેવી તારીખે, તે રાજયમાં અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો -

:ક: "બોર્ડ" એટલે કલમ ૫ હેઠળ સ્થાપિત નિયંત્રણ બોર્ડ;

:ખ: " પ્રમાણપત્ર" એટલે કલમ ૧૫ હેઠળ આપેલ માન્યતા-પ્રમાણપત્ર;

:ગ: "બાળક " એટલે જેને અઢાર વર્ષ પૂરા થયા ન હોય તેવો કોઇ છોકરો કે છોકરી;

:ઘ: "ગૃહ" એટલે સ્ત્રીઓ અથવા બાળકોના સ્વીકાર, સંભાળ, રક્ષણ અને કલ્યાણ માટે નિભાવાતી અથવા નિભાવવા ધારેલ કોઇ સંસ્થા, પછી ભલે તે અનાથાશ્રમ, ઉપેક્ષિત સ્ત્રીઓ અથવા બાળકો માટેનું ગૃહ, વિધવા-ગૃહ તરીકે અથવા અન્ય કોઇ નામથી ઓળખાતી હોય;

:ચ: "મેનેજર" એટલે સંચાલન સમિતિનો એવો સભ્ય, જેને તે સમિતિએ કલમ ૨૦ હેઠળ મેનેજર તરીકે નીમ્યો હોય;

:છ: "સંચાલન સમિતિ" એટલે કલમ ૨૦માં ઉલ્લેખેલ સંચાલન સમિતિ;

:જ: "માન્ય ગૃહ" એટલે જેના સંબંધમાં પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તેવું ગૃહ;

:ઝ: "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરાયેલા નિયમોથી ઠરાવેલું;

:ટ: "સ્ત્રી" એટલે જેને અઢાર વર્ષ પૂરાં થઇ ગયાં હોય તેવી સ્ત્રી.

અધિનિયમ કેટલીક સંસ્થાઓને લાગુ પડશે નહિ.

૩. આ અધિનિયમમાંનો કોઇપણ મજકૂર નીચેનાંને લાગુ પડશે નહિ-

:ક: કોઇ શૈક્ષણિક સંસ્થા સાથે સંલગ્ન અથવા તેના દ્વારા નિયંત્રિત અથવા માન્ય કરાયેલ કોઇ છાત્રાલય અથવા ભોજનાલયને, અથવા

:ખ: "સ્ત્રી-કન્યા અનૈતિક વેપાર નિયંત્રણ અધિનિમય,૧૯૫૬" હેઠળ સ્થાપિત કોઇ રક્ષણગૃહને; અથવા

:ગ: તે સમયે અમલમાં હોય તેવો કોઇ અધિનિયમન જેને લાગુ પડતો હોય તેવા કોઇ સુધારણાગૃહ, પ્રમાણિત કે બીજી શાળા અથવા કોઇ ગૃહ કે કાર્યશાળાને.

માન્ય ગૃહોને લાગુ [illegible]તાં ખતો ઉપર અધિનિયમની અસર.

૪. આ અધિનિયમની જોગવાઇઓ, કોઇ માન્ય ગૃહને લાગુ પડતા કોઇ ખતમાં, તેની સાથે અસંગત કોઇપણ મજકૂર હોય તે છતાં, અમલી બનશે.

## પ્રકરણ ૨
## નિયંત્રણ બોર્ડ અને તેની સત્તા અને કાર્યો

નિયંત્રણ બોર્ડ, તેની રચના વગેરે.

૫. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, રાજયમાંના ગૃહોનાં દેખરેખ અને નિયંત્રણ માટે નિયંત્રણ બોર્ડ સ્થાપી શકશે.

(૨) બોર્ડ, નીચેના સભ્યોનું બનશે :-

(ક) રાજય વિધાનમંડળના સભ્યોએ ચૂંટવાના તે વિધાનમંડળના ત્રણ સભ્યો, પરંતુ રાજય વિધાનમંડળ બે ગૃહોનું બનેલું હોય, ત્યારે વિધાનસભાના સભ્યો પોતાનામાંથી બે સભ્યો ચૂંટશે અને વિધાનપરિષદના સભ્યો પોતાનામાંથી એક સભ્ય ચૂંટશે;

(ખ) રાજયમાંની સંચાલન સમિતિઓના પાંચ સભ્યો; જેઓને એવી સમિતિઓ પોતાનામાંથી ચૂંટશે; આવી દરેક સમિતિને, આ હેતુ માટે માત્ર એક મત રહેશે;

(ગ) રાજયના સમાજ કલ્યાણ કાર્યના ઇન-ચાર્જ-અધિકારી જેમને રાજય સરકાર નિયુકત કરશે;

(ઘ) રાજય સરકારે નિયુકત કરવાના છ સભ્યો, જેમાંથી ઓછામાં ઓછો એક તે જ રાજયનો સંસદસભ્ય અને ઓછામાં ઓછાં ત્રણ સ્ત્રી-સભ્યો હોવાં જોઇશે.

(૩) પેટા-કલમ (૨) ના ખંડ (ગ) માં ઉલ્લેખેલ અધિકારી, બોર્ડની બેઠકમાં કોઇ કારણસર હાજર ન રહી શકે, તો તે આવી બેઠકમાં હાજર રહેવા, તેની નીચેના કોઇ અધિકારીને મોકલી શકશે.

(૪) બોર્ડનાં અધ્યક્ષને, બોર્ડના સભ્યો, પોતાનામાંથી ચૂંટશે:

પરંતુ બોર્ડની પ્રથમ રચના થાય, ત્યારે રાજ્ય સરકાર બોર્ડના સભ્યો પૈકી કોઈએક સભ્યને, તેના અધ્યક્ષ તરીકે નિયુકત કરશે.

હોદ્દાની મુદત અને પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ.

૬. (૧) આ કલમમાં અન્યથા જોગવાઇ કરેલ હોય તે સિવાય, બોર્ડના સભ્યપદની મુદત તેની ચૂંટણી કે નિયુકિતની તારીખથી પાંચ વર્ષ અથવા તેના અનુગામીને વિધિસર ચૂંટવામાં કે નિયુકત કરવામાં આવે એ તારીખ એ બેમાંથી જે મુદત લાંબી હોય તેટલી રહેશે :

પરંતુ કલમ ૫ના પેટા-કલમ (૨) ના ખંડ (ક) અથવા ખંડ(ખ) હેઠળ ચૂંટાયેલા સભ્યની અથવા કલમ ૫ની પેટા-કલમ(૨)ના ખંડ(ઘ) હેઠળ નિયુકત થયેલા સંસદના સભ્યની હોદ્દાની મુદત, તે યથાપ્રસંગ, જેણે તેને ચૂંટયો હોય તે રાજ્ય વિધાનમંડળના ગૃહનો, સંચાલન સમિતિનો, અથવા સંસદનો સભ્ય હોતો બંધ થાય કે તુરત જ સમાપ્ત થશે.

(૨) કોઇ સભ્ય, કોઇપણ વખતે, રાજ્ય સરકારને, લેખિત નોટિસ આપીને, પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે અને તે સરકાર એવું રાજીનામું રાજપત્રમાં જાહેર કરે એટલે એવા સભ્યની બેઠક ખાલી પડશે.

(૩) બોર્ડમાં પ્રસંગોપાત ખાલી પડતી જગા, યથાપ્રસંગ, નવી ચૂંટણી કરીને અથવા નિયુકિતથી ભરવામાં આવશે અને એવી ખાલી જગા ભરવા માટે ચૂંટાયેલા અથવા નિયુકત થયેલા સભ્યના હોદ્દાની મુદત, જેની જગા પર તેને ચૂંટવામાં અથવા નિયુકત કરવામાં આવે તે સભ્યના હોદ્દાની બાકીની મુદત જેટલી રહેશે.

(૪) બોર્ડના સભ્યો ફરી ચૂંટાવા અથવા નિયુકત થવાને પાત્ર ગણાશે.

(૫) બોર્ડે કરેલા કોઇ કાર્ય અથવા શરૂ કરેલી કાર્યવાહી સામે બોર્ડમાં કોઇ ખાલી જગા હોવાને અથવા તેની રચનામાં ખામી હોવાને કારણે જ વાંધો ઉઠાવી શકાશે નહિ.

કાર્યો.

૭. (૧) આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર ગૃહોના સંચાલનને લગતી તમામ બાબતો ઉપર, સામાન્યરીતે દેખરેખ અને નિયંત્રણ રાખવાની અને આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરવાની અને તેવાં બીજા કાર્યો બજાવવાની બોર્ડની ફરજ રહેશે.

(૨) આ અધિનિયમ હેઠળનાં પોતાનાં કાર્યો બજાવતી વખતે, બોર્ડ રાજ્ય સરકાર તેને વખતો વખત આપે તેવા આદેશો પાળવાને બંધાયેલ રહેશે.

માન્ય ગૃહના મેનેજરને આદેશો આપવાની બોર્ડની સત્તા.

૮. કલમ ૭ની પેટા-કલમ (૨) હેઠળ કોઇ આદેશ આપવામાં આવ્યો હોય, તેને અધીન રહીને, બોર્ડ, માન્ય ગૃહના મેનેજરને ગૃહના કાર્યક્ષમ સંચાલન માટે, પોતાને યોગ્ય લાગે તેવા સામાન્ય અથવા ખાસ આદેશો વખતો-વખત આપી શકશે.

તપાસણીની સત્તા.

૯. બોર્ડનો કોઇ સભ્ય અથવા તેણે આ અર્થે લખીને અધિકૃત કરેલ બોર્ડના કોઇ અધિકારી, આ અધિનિયમની અથવા તે હેઠળના કોઇ નિયમ, વિનિયમ, આદેશ અથવા હુકમની જોગવાઇઓનું પાલન કરવામાં આવે છે કે કેમ તેની ખાતરી કરવા માટે, કોઇ ગૃહમાં તમામ વાજબી સમયે દાખલ થઇ શકશે અને પોતે તપાસી શકે તે માટે, કોઇ દસ્તાવેજ, ચોપડો, રજિસ્ટર

અથવા તેમાં રાખવામાં આવતું કોઇ રેકર્ડ રજૂ કરવાનું ફરમાવી શકશે અને ગૃહની કામગીરી સંબંધી કોઇ માહિતી માગી શકશે:

પરંતુ આવો કોઇ [illegible] અધિકારી, જેમાં સ્ત્રીઓ [illegible] તેવા કોઇ ગૃહ [illegible] તેના ભાગમાં તે લત્તાની બે પ્રતિષ્ઠિત સ્ત્રીઓની હાજરી હોય તે સિવાય, દાખલ થઇ શકશે નહિ.

બોર્ડનું ભંડોળ.

૧૦. બોર્ડનું ભંડોળ નીચેનાનું બનશે -

(ક) કોઇ વ્યક્તિએ તેને આપેલ ફાળા, લવાજમ, દાન અથવા વસિયત; અને

(ખ) રાજય સરકારે અથવા કોઇ સ્થાનિક કે બીજી જાહેર સંસ્થાએ તેને આપેલ ગ્રાન્ટ.

બોર્ડનો સ્ટાફ.

૧૧. રાજય સરકાર, આ અર્થે કરે તેવા નિયમોને અધીન રહીને, બોર્ડ, આ અધિનિયમ હેઠળના પોતાનાં કાર્યો કાર્યક્ષમતાથી બજાવી શકે અથવા પોતાની સત્તા વાપરી શકે તે માટે, પોતાને યોગ્ય લાગે તેવા અધિકારીઓ અથવા અન્ય કર્મચારીઓ નીમી શકશે અને તેમનાં કાર્યો અને નોકરીની શરતો નકકી કરી શકશે.

સત્તાની સોંપણી.

૧૨. રાજય સરકારના નિયંત્રણને અધીન રહીને બોર્ડ, પોતાનો વહીવટ કાર્યક્ષમતાથી ચલાવવા માટે, પોતાને આવશ્યક લાગે તે પ્રમાણેના આ અધિનિયમ હેઠળનાં પોતાનાં સત્તા અને કાર્યો સામાન્ય અથવા ખાસ લેખિત આદેશ દ્વારા અને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કોઇ શરત અને મર્યાદાને અધીન રહીને, પોતાના અધ્યક્ષને અથવા અન્ય કોઇ સભ્યને અથવા કોઇ અધિકારીને, સોંપી શકશે.

## પ્રકરણ ૩
## ગૃહોની માન્યતા

પ્રમાણપત્ર વિના ગૃહો ન ચલાવવા બાબત.

૧૩. આ અધિનિયમના આરંભ પછી, કોઇ વ્યકિત, આ અધિનિયમ હેઠળ આપેલ માન્યતા-પ્રમાણપત્રની શરતો હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, કોઇ ગૃહ નિભાવી કે ચલાવી શકશે નહિ.

પ્રમાણપત્ર માટે અરજી.

૧૪. કોઇ ગૃહ નિભાવવા કે ચલાવવા ઇચ્છતી દરેક વ્યક્તિએ, બોર્ડને માન્યતા-પ્રમાણપત્ર માટે ઠરાવવામાં આવે તે નમૂનામાં અને તેવી વિગતો આપતી અરજી કરવી જોઇશે:

પરંતુ આ અધિનિયમના આરંભે ગૃહ નિભાવતી કે ચલાવતી હોય તેવી વ્યક્તિને, એવા પ્રમાણપત્ર માટે અરજી કરવા સારુ આવા આરંભથી ત્રણ મહિનાનો સમય આપવામાં આવશે.

પ્રમાણપત્ર આપવાની હા કે ના.

૧૫. (૧) કલમ ૧૪ હેઠળ અરજી મળ્યે, બોર્ડ, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, લેખિત હુકમ કરીને, પ્રમાણપત્ર આપી શકશે અથવા આપવાની ના પાડી શકશે.

(૨) પ્રમાણપત્ર આપવાની ના પાડતો હુકમ, અરજદારને એ બાબતમાં સુનાવણીની તક આપવામાં આવી ન હોય ત્યાં સુધી કરી શકાશે નહિ અને પ્રમાણપત્ર આપવાની ના પાડવામાં આવે, ત્યારે એવી ના પાડવાનાં કારણો અરજદારને ઠરાવેલી રીતે જણાવવાં જોઇશે.

(૩) પ્રમાણપત્ર આપવા માટે કશી ફી લેવામાં આવશે નહિ.

(૪) કોઇ પ્રમાણપત્ર બીજાના નામે કરી શકાશે નહિ.

પ્રમાણપત્રની વિગતો.

૧૬. (૧) પ્રમાણપત્રમાં નીચેની વિગતો દર્શાવવી જોઇશે-

(ક) માન્ય ગૃહનું નામ અને તેનું સ્થળ;

(ખ) તેના મેનેજરનું નામ;

(ગ) ગૃહ સામાન્ય રીતે સ્ત્રીઓ માટે છે કે વિધવાઓ માટે અથવા સામાન્ય રીતે બાળકો માટે છે કે અનાથ બાળકો માટે અથવા આમાંના એક અથવા વધુ વર્ગો માટે છે તે દર્શાવતો, ગૃહનો પ્રકાર;

(ઘ) ગૃહમાં રાખવાનાં નિવાસીઓની સંખ્યા;

(ચ) જેમાં માન્ય ગૃહ આવેલું હોય તે લત્તાની પરિસ્થિતિ અને તે ગૃહની આવકનાં સાધનો ધ્યાનમાં લેતાં ગૃહમાં જાળવવાનાં ભોજન, નિવાસ, પોશાક, સફાઇ,આરોગ્ય અને સ્વચ્છતાનાં ઓછામાં ઓછાં ધોરણ;

(છ) ગૃહમાં નિવાસીઆને શિક્ષણ અથવા તાલીમ આપવાનું માથે લેવામાં આવે તો તે માટે પ્રબંધ કરવાના શિક્ષણ કે તાલીમનું ધોરણ અને

(જ) ઠરાવવામાં આવે તેવી બીજી શરતો અને વિગતો.

પરંતુ સ્ત્રીઓ માટેના ગૃહના સંબંધમાં આપવામાં આવેલ પ્રમાણપત્રમાં, એવી શરત સમાવિષ્ટ કરેલી ગણાશે કે તેના ઇન-ચાર્જ, સુપરિન્ટેન્ડન્ટ અથવા અન્ય કોઇ નામથી ઓળખાતી વ્યકિત, સામાન્યરીતે સ્ત્રી હોવી જોઇશ:-

(૨) સામાન્ય રીતે બોર્ડ, કોઇ માન્ય ગૃહને સ્ત્રી અને પુરુષ નિવાસીઓને એક સાથે દાખલ કરવાની પરવાનગી આપશે નહિ પણ કારણોની નોંધ કરીને અને જાહેર હિતમાં હોવાનું તેને લાગે તેવી શરતો અને મર્યાદાને અધીન રહીને તેમ કરી શકશે.

(૩) બોર્ડની લેખિત પૂર્વ સંમતિ સિવાય, કોઇ માન્ય ગૃહ-

(ક) પ્રમાણપત્રમાં તેના સંબંધમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યું હોય તેવું તેનું નામ અથવા સ્થળ બદલી શકશે નહિ; અથવા

(ખ) તેમાં નિર્દિષ્ટ કરેલ કોઇ સેવાના હેતુમાં ફેરફાર કરી શકશે નહિ.

પ્રમાણપત્ર રદ કરવા બાબત.

૧૭. (૧) જેને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તે વ્યકિત, આ અધિનિયમ હેઠળ પાત્ર થાય તેવી બીજી કોઇ શિક્ષાને બાધ આવ્યા સિવાય, બોર્ડ નીચેના સંજોગોમાં પ્રમાણપત્ર રદ કરી શકશે-

(ક) તેને ખાંતરી થાય કે ગૃહ પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલી શરતો અનુસાર ચલાવવામાં આવતું નથી, તો, અથવા

(ખ) ગૃહનું સંચાલન સતત અસંતોષકારક રીતે કરવામાં આવી રહયું હોય અથવા તેના નિવાસીઓની નૈતિક અને શારીરિક સુખાકારીને ઘણી જ હાનિ પહોંચે તે રીતે ચલાવવામાં આવી રહયું હોય તો; અથવા

(ગ) બોર્ડના અભિપ્રાય પ્રમાણે, ગૃહ પોતે જ તે હેતુ માટે અયોગ્ય બની ગયું હોય; તોઃ

પરંતુ પ્રમાણપત્ર શા માટે પાછું ખેચવું ન જોઇએ તેનું કારણ દર્શાવવાની તે વ્યકિતને તક આપવામાં આવી ન હોય, ત્યાં સુધી રદ કરવાનો કોઇ હુકમ, આ પેટા-કલમ હેઠળ કરી શકાશે નહિ અને રદ કરવાના દરેક કેસમાં, તે માટેનાં કારણો તે વ્યકિતને, ઠરાવેલી રીતે જણાવવાં જોઇશે.

(૨) કોઇ ગૃહના સંબંધમાં પ્રમાણપત્ર, પેટા-કલમ(૧) હેઠળ રદ કરવામાં આવે તો ગૃહ નીચેના સંજોગોમાં કાર્ય કરતું બંધ થશે-

(ક) રદ કરવાના હુકમ સામે, કલમ ૧૮ હેઠળ કોઇ અપીલ કરવામાં આવી ન હોય, તો એવી અપીલ માટે ઠરાવેલી મુદત પૂરી થાય કે તુરત;

(ખ) એવી અપીલ કરવામાં આવી હોય પણ રદ કરવાનો હુકમ, અપીલીય હુકમની તારીખથી માન્ય ઠરાવ્યો હોય; તો

(૩) કોઇ ગૃહ પેટા-કલમ (૨) હેઠળ કાર્ય કરતું બંધ થયે, બોર્ડ ફરમાવી શકશે કે એવા ગૃહમાં રહેતી હોય તેવી કોઇ સ્ત્રી અથવા બાળકને-

(ક) યથાપ્રસંગ, તેણીના અથવા તેના માતાપિતા, પતિ અથવા કાયદેસર વાલીની કસ્ટડીમાં સોંપી દેવું;

અથવા

(ખ) અન્ય માન્ય ગૃહમાં ફેરબદલી કરીને મોકલવું

અથવા

(ગ) કોઇ અન્ય લાયક વ્યકિતની સંભાળમાં સોંપવું.

પરંતુ કોઇ સ્ત્રીને સ્ત્રી ન હોય તેવી વ્યકિતની સંભાળમાં સોંપી શકાશે નહિ.

અપીલો.

૧૮. પ્રમાણપત્ર આપવાની ના પાડતા અથવા પ્રમાણપત્ર રદ કરતા, બોર્ડના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત, એવા ના પાડવાના અથવા રદ કરવાના હુકમ સામે ઠરાવવામાં આવે તે રીતે અને તે મુદતની અંદર, રાજય સરકારને અથવા તે નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારીને અપીલ કરી શકશેઃ

પરંતુ રાજય સરકાર અથવા યથાપ્રસંગ, એવા નિર્દિષ્ટ સત્તાધિકારીને ખાતરી થાય કે અપીલકાર પૂરતા કારણોસર, સમયસર અપીલ કરી શકયો નથી, તો તે, એવી ઠરાવેલી મુદત પૂરી થયા પછી અપીલ દાખલ કરી શકશે.

પ્રમાણપત્રની સોંપણી અને તેની અસર.

૧૯. (૧) ગૃહના મેનેજર, જો સંચાલન સમિતિના ઠરાવથી આ અર્થે તેમને ખાસ અધિકૃત કર્યા હોય, તો બોર્ડને, તેમ કરવાના તેના ઇરાદાની છ મહિનાની લેખિત નોટિસ આપીને, તે ગૃહના સંબંધમાં આપેલ પ્રમાણપત્ર પાછું ખેંચી લેવા માટે અરજી કરી શકશે અને નોટિસની તારીખથી સદરહુ મુદત પૂરી થયે, પ્રમાણપત્ર, તે સમય પહેલાં નોટિસ પાછી ખેંચી લેવામાં ન આવે તો અમલમાં રહેતું બંધ થશે અને ગૃહ કાર્ય કરતું બંધ થશે.

(૨) એવી નોટિસની તારીખ પછી એવા કોઇ ગૃહમાં કોઇ સ્ત્રી અથવા બાળકને સ્વીકારી શકાશે નહિ; પણ પ્રમાણપત્ર પેટા-કલમ (૧) હેઠળ અમલમાં રહેતું બંધ ન થાય, ત્યાં સુધી આ કલમમાંનો કોઇ મજકૂર આ અધિનિયમની અને તે હેઠળના નિયમો, વિનિયમો, આદેશો અને હુકમોની તમામ આવશ્યકતા પાળવાની મેનેજરની જવાબદારીને અસર કરે છે એમ ગણવાનું નહિ.

## પ્રકરણ ૪

## માન્ય ગૃહોનું સંચાલન

સંચાલન સમિતિ.

૨૦. (૧) દરેક માન્ય ગૃહનું સંચાલન કરવા માટે એક સંચાલન સમિતિ રહેશે અને સંચાલન સમિતિના સભ્યો, તેના એક સભ્યને, આ અધિનિયમના હેતુઓ માટે એવા ગૃહના મેનેજર તરીકે નીમશે.

(૨) સંચાલન સમિતિની રચના, સત્તા અને કાર્યો અને તેના સભ્યોના હોદ્દાની મુદત એવા ગૃહને લગતા બંધારણમાં જોગવાઇ કરવામાં આવે તેવાં રહેશે.

મેનેજરની

૨૧. માન્ય ગૃહમાં દાખલ કરવામાં આવેલ દરેક સ્ત્રીને, પુનર્વસન ન થાય અથવા તેમાં દાખલ કરવામાં આવેલ દરેક બાળક તેની અઢાર વર્ષની ઉંમર પૂરી ન થાય ત્યાં સુધી અથવા પ્રમાણપત્ર અમલમાં રહેતું બંધ ન થાય, ત્યાં સુધી, એવી સ્ત્રી અથવા બાળકના સંબંધમાં, આ અધિનિયમની અને તે હેઠળના નિયમો, વિનિયમો, આદેશો અથવા હુકમોની તમામ આવશ્યકતા પાળવાની મેનેજરની ફરજ રહેશે.

ગૃહના નિવાસીઓને રજા આપવા

૨૨. (૧) બોર્ડે કોઇ વિનિયમો કાર્યા હોય તો, તેને અધીન રહીને, ગૃહની સંચાલન સમિતિને ખાતરી થાય કે ગૃહનો કોઇ નિવાસી, પોતાની આજીવિકા મેળવવાને લાયક થયો છે અથવા ગૃહમાંથી છૂટો થવાને અન્યથા લાયક છે, તો મેનેજર એવા રહેવાસીને રજા આપી શકશે.

(૨) પેટા-કલમ(૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, ગૃહના કોઇ સ્ત્રી-નિવાસીને છોડી મૂકવી નહિ, તેનું લગ્ન કરાવવું નહિ અથવા અન્ય કોઇ વ્યકિતની સંભાળ નીચે મૂકવી નહિ, સિવાય કે આવી સ્ત્રીએ, બોર્ડ અથવા આ અર્થે તેણે નિર્દિષ્ટ કરેલ કોઇ અધિકારી સમક્ષ, એકરાર કર્યો હોય કે તે યથાપ્રસંગ, આવી રીતે છૂટા થવામાં, લગ્ન કરવામાં અથવા સોંપવામાં સંમત છે અને જેનું લગ્ન કરાવવાનું હોય તે નિવાસી સગીર હોય તો, બોર્ડ અથવા યથાપ્રસંગ, અધિકારીએ કારણોની લેખિત નોંધ કરીને તે માટે પોતાની મંજૂરી આપી હોય તે સિવાય તેને લગ્નમાં આપવી નહિ.

નિવાસીઓના મરણ સંબંધી રિપાર્ટ કરવા બાબત.

૨૩. ગૃહના નિવાસીઓમાં કોઇનું મરણ થાય તે પછી, તુરત મેનેજરે પોતાની ઉત્તમ જાણ પ્રમાણે, મરણનું કારણ સમજાવતો લેખિત રિપોર્ટ બોર્ડને મોકલવો જોઇશે.

## પ્રકરણ ૫

## પ્રકીર્ણ

શિક્ષા.

૨૪. આ અધિનિયમની અથવા તે અન્વયેના કોઇ નિયમ, વિનિયમ, આદેશ અથવા હુકમની અથવા પ્રમાણપત્રની શરતો પૈકી કોઇ શરતનું પાલન નહિ કરનાર વ્યકિતને, પ્રથમ ગુનાની બાબતમાં ત્રણ મહિના સુધીની કેદની અથવા બસો પચાસ રૂપિયા સુધીના દંડની અથવા બન્નેની અને બીજા અથવા ત્યારપછીના ગુનાની બાબતમાં, છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બન્નેની શિક્ષા થઇ શકશે.

ફરિયાદ માટે મંજરી.

૨૫. યથાપ્રસંગ, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મુખ્ય પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી સિવાય આ અધિનિયમ હેઠળની કોઇ ફરિયાદ માંડી શકાશે નહિ.

અધિયિમ હેઠળ કાર્યો બજાવનાર વ્યકિતઓ રાજય સેવકો ગણાશે.

૨૬. બોર્ડના સભ્યો અને બોર્ડે આ અધિનિયમ હેઠળ પોતાની સત્તા વાપરવાને સત્તા આપેલી દરેક વ્યકિત, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો છે એમ ગણાશે.

શુદ્ધબુદ્ધિથી કરાયેલાં કાર્યોને રક્ષણ.

૨૭. આ અધિનિયમ અથવા તે અન્વયેના કોઇ નિયમ, વિનિયમ, આદેશ અથવા હુકમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યના સંબંધમાં આ અધિનિયમ હેઠળ કોઇ કામગીરી બજાવતી વ્યકિત સામે, કોઇ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

ગૃહોને માફી આપવાની રાજય સરકારની સત્તા.

૨૮. (૧) બોર્ડની સાથે વિચારવિનિમય કર્યા પછી રાજય સરકારને ખાતરી થાય કે કોઇપણ વર્ગના ગૃહ અથવા કોઇ ગૃહના સંબંધમાં, એવા સંજોગો છે કે તેમ કરવું આવશ્યક અથવા ઇષ્ટ છે, તો તે, રાજપત્રમાં જાહેરનામા દ્વારા અને તેમાં કારણો નિર્દિષ્ટ કરીને, પોતાને મૂકવાને યોગ્ય લાગે તેવી શરતો, નિયંત્રણો અને મર્યાદાને અધીન રહીને, યથાપ્રસંગ, એવા વર્ગના ગૃહોને અથવા તે ગૃહને આ અધિનિયમની અથવા તે અન્વયે કરેલા કોઇ નિયમ અથવા વિનિયમની તમામ અથવા કોઇ જોગવાઇના અમલમાંથી માફી આપી શકશે.

(૨) આ કલમ હેઠળ બહાર પાડેલા માફી આપતા દરેક જાહેરનામાની પુનર્વિચારણા બે વર્ષ કરતાં વધુ નહિ તેટલા ગાળાએ, બોર્ડ સાથે વિચારવિનિમય કરીને કરવામાં આવશે પણ આમાંના કોઇપણ મજકૂરથી, બોર્ડ સાથે વિચારવિનિમય કરીને, કોઇપણ સમયે આવું કોઇ જાહેરનામું સુધારવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તે રદ કરવાની રાજયની સત્તાને બાધ આવશે નહિ.

નિયમો કરવાની રાજય સરકારની સત્તા.

૨૯. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમો નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે :-

(ક) કલમ ૫ ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ બોર્ડને ચૂંટણીને લગતી અથવા તેને સંબંધિત તમામ બાબતો અને અધ્યક્ષની ચૂંટણી;

(ખ) બોર્ડના સભ્યપદ માટેની ગેરલાયકાતો અને જે કોઇ સભ્ય કોઇ ગેરલાયકાતને અધીન હોય અથવા થાય તેને સભ્યપદેથી દૂર કરવામાં અનુસરવાની કાર્યરીતિ;

(ગ) બોર્ડનુ ફંડ;

(ઘ) બોર્ડના સભ્યને મળવાપાત્ર મુસાફરી અને અન્ય ભથ્થાં;

(ચ) બોર્ડ, આ અધિનિયમ હેઠળ પાતાનાં કાર્યો કાર્યક્ષમતાથી બજાવી શકે તે માટે સ્ટાફની નિમણૂંક અને તેમની ભરતી અને નોકરીની શરતો;

(છ) રાજય સરકારે બોર્ડ અને તેની સંચાલન સમિતિઓ પાસેથી પત્રકો અને અન્ય માહિતી મંગાવવા બાબત;

(જ) માન્યતા પ્રમાણપત્ર માટે કરવાની અરજીનો નમૂનો, એવી અરજીમાં જણાવવાની વિગતો અને જે નમૂનામાં અને જે શરતોએ એવું પ્રમાણપત્ર આપવામાં આવે તે નમૂનો અને શરતો;

(ઝ) બોર્ડે રજિસ્ટરો અને હિસાબો રાખવા બાબત અને તેના હિસાબોનું ઓડિટ;

(ટ) ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઇ બાબત.

(૩) આ અધિનિયમ અન્વયે કરાયેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી જેમ બને તેમ જલ્દી, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે;

વિનિયમો કરવાની બોર્ડની સત્તા.

૩૦. (૧) આ અધિનિયમ હેઠળ પોતાનાં કાર્યો બજાવી શકે તે માટે બોર્ડ, રાજય સરકારની પૂર્વ મંજૂરીથી, રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અધિનિયમ અને તે અન્વયે કરાયેલા નિયમો સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે :-

(ક) બોર્ડની બેઠકોનાં સમય અને સ્થળ, એવી બેઠકોમાં કાર્ય-સંચાલન સંબંધી અનુસરવાની કાર્યરીતિ અને એવી બેઠકોમાં કાર્યસંચાલન માટે આવશ્યક કોરમ;

(ખ) બોર્ડની બેઠકોની કાર્યનોંધ રાખવા બાબત અને રાજય સરકારને તેની નકલો મોકલવા બાબત;

(ગ) આ અધિનિયમ હેઠળનાં પોતાનાં કાર્યો બજાવવામાં તેને મદદરૂપ થાય તે હેતુ માટે, બોર્ડે પેટા-સમિતિઓ અને સ્થાનિક સમિતિઓ અને વ્યક્તિઓની નિમૂણક કરવા બાબત.

(ઘ) માન્ય ગૃહોના વહીવટ ઉપર દેખરેખ અને નિયંત્રણ;

(ચ) ગૃહોની તપાસણી;

(છ) બોર્ડે સંચાલન સમિતિઓ પાસેથી પત્રકો અને અન્ય માહિતી મંગાવવા બાબત;

(જ) માન્ય ગૃહોમાં રહેવાસીઓના સ્વીકાર, સંભાળ, સારવાર, નિભાવ, રક્ષણ, તાલીમ, કલ્યાણ, શિક્ષણ, નિયંત્રણ અને શિસ્ત;

(ઝ) માન્ય ગૃહોના રહેવાસીઓ સાથે મુલાકાત અને વાર્તાલાપ અને એવા રહેવાસીઓને ટૂંકી મુદત માટે ગેરહાજર રહેવા માટે પરવાનગી આપવા બાબત;

(ટ) માન્ય ગૃહોમાંથી રહેવાસીઓને છૂટા કરવા બાબત, એક માન્ય ગૃહમાંથી બીજા ગૃહમાં તેમની બદલી અને મેનેજરોએ બોર્ડને મોકલવાના રિપોર્ટ;

(ઠ) બોર્ડના અભિપ્રાય પ્રમાણે જેના સંબંધમાં, ગૃહોના કાર્યસાધક દેખરેખ અને નિયંત્રણ માટે જોગવાઇ કરવી આવશ્યક હોય તેવી બીજી કોઇ બાબત.

(૩) પોતે મંજૂર કરેલ કોઇ વિનિયમ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, સુધારી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે અને તેમ થયે પેટા-કલમ(૧) હેઠળ બોર્ડે સત્તા વાપરે તેને બાધ આવ્યા સિવાય વિનિયમનો, તદ્નુસાર અમલ થશે.

રદ કરવા બાબત અને અપવાદ.

૩૧. (૧) કોઇ રાજ્યમાં આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખથી, "સ્ત્રી અને બાળક-સંસ્થા (લાઇસન્સ) અધિનિયમ,૧૯૫૬" અથવા એવા આરંભની તરત પહેલા તે રાજ્યમાં, અમલમાં હોય તેવો આ અધિનિયમને તત્સમાન બીજો કોઇ અધિનિયમ, રદ થયેલો ગણાશે. સન૧૯૫૬નો ૧૦૫મો.

(૨) અધિનિયમ આવી રીતે રદ થવા છતાં, સદરહુ અધિનિયમ હેઠળ કરેલ કોઇ કાર્ય અથવા લીધેલું કોઇ પગલું (આપેલ કોઇ આદેશ, બનાવેલ કોઇ રજિસ્ટર અથવા કરેલ નિયમ અથવા આદેશ અથવા મુકેલ નિયંત્રણ સહિત) એવું કાર્ય અથવા પગલું, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, જાણે એવું કાર્ય કરવામાં આવ્યું અથવા એવું પગલું લેવામાં આવ્યું ત્યારે તે અમલમાં હોત તેમ, ઉપર્યુક્ત જોગવાઇઓ હેઠળ કરવામાં અથવા લેવામાં આવ્યું છે એમ ગણાશે અને આ અધિનિયમ હેઠળ કરેલ કોઇ કાર્યથી અથવા લીધેલ પગલાંથી રદ કરવામાં ન આવે ત્યાં સુધી તદ્નુસાર અમલમાં ચાલુ રહેશે.